

## વિષય : વિદ્યાર્થીઓને મળતી વિવિધ શિષ્યવૃત્તિઓ અને તેની કામગીરીમાં પડતી મુશ્કેલીઓ

**અર્જુનસિંહ ડી. સોલંકી**
(સિનિયર કલાર્ક)

કેન્દ્રીય શિષ્યવૃતિઓ National Means cum Merit Scholarship (NMMS) ધોરણ-૮ પછી આર્થિક રીતે નબળા પરંતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે દરવર્ષે પરીક્ષાઓ લેવામાં આવે છે. જેમાં મેરીટ ના ધોરણે ૧૨૦૦૦ જેટલી રકમ પ્રતિ વર્ષ વિદ્યાર્થીઓને ચુકવવામાંઆવે છે.

National Talent Search Examination (NTSE) ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સ્તરે પ્રતિભા પરીક્ષા વિજેતાઓને માસિક શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

ધોરણ-૯, ૧૦ ના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક સ્કોલરશીપ (SC/ST/ના વિદ્યાર્થીઓ ઓને ૧૫૦૦/-રૂપિયા મળવાપાત્ર છે. જેની આવક મર્યાદા નથી. (OBC) બક્ષીપંચના વિદ્યાર્થીઓને મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ-૪૦૦૦/- ડિઝીટલ પોર્ટલ મારફતે દરખાસ્ત દ્વારા મળવાપાત્ર છે.

Post-Matric Scholarship (Sc/ST/Minority) ધોરણ-૧૦ પછીના અભ્યાસ માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

અલ્પ સંખ્યક સમાજની શિષ્યવૃતિ (Minority Scholarship) મુસ્લીમ, શિખ, ખ્રિસ્તી, જૈન વગેરે સમુદાયના વિદ્યાર્થીઓને મળવા પાત્ર છે.

**<u>નમો લક્ષ્મીયોજના</u> :** ધોરણ-૯,૧૨ સુધીની કન્યાઓને મળવાપાત્ર છે. જેની આવક મર્યાદા ૬ લાખ કરતા ઓછી હોવી જોઇએ. વિદ્યાર્થીનીઓની નિયમિત હાજરી અને ઉત્તમ શૈક્ષણિક પ્રગતિ હોવી જોઇએ સહાયની રકમ ધો-૯ માટે ૧૦,૦૦૦ ધો-૧૦ માટે ૧૦,૦૦૦ ધો-૧૧ માટે ૧૫૦૦૦ અને ધોરણ-૧૨ માટે ૧૫૦૦૦ કુલ મળીને છોકરીઓને ધો-૯ થી ૧૨ સુધી ૫૦,૦૦૦ સુધીનીસહાય સીધા બેંક મારફતે ખાતામાં જમાં થાય છે.જેમાં જરૂરી દસ્તાવેજો, આધાર કાર્ડ, શાળાનું પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, બેંક પાસબુક.

**<u>નમો સરસ્વતી યોજના</u> :** વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓન આર્થિક સહાય મળવાપાત્ર છે. વિદ્યાર્થી ગુજરાત રાજયની માન્ય શાળામાં અભ્યાસ કરતી હોવી જોઇએ આવક મર્યાદા ૬ લાખથી ઓછી હોવી જોઇએ સહાયની રકમ ધો-૧૧ માટે ૨૫૦૦૦/-, ધો-૧૨ માટે ૨૫૦૦૦, કુલ ૫૦૦૦૦/- હજાર સુધીની સહાય સીધી બેંક મારફતે મળવાપાત્ર છે. વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રમાં ભાગીદારી વધારવા માટેનો હેતુ છે.

ધોરણ-૯ની કન્યાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ મફત સાયકલ આપવાની યોજના હેઠળ સાયકલ મળે છે. વર્ષ :- ૨૦૨૪-૦૨૫ માં ૧૭ સાયકલ અને ૨૦૨૫-૨૦૨૬ દરમ્યાન બક્ષીપંચની કન્યાઓને ૩૧ સાયકલ કુલ ૪૮ સાયકલ મળેલ છે. SC માંથી ૯ સાયકલ મંજુર થયેલ છે. આમ કુલ ૫૭ સાયકલ મળેલ છે.

**<u>કામગીરીમાં પડતી મુશ્કેલીઓ</u> :** જાણકારીનો અભાવઘણા વિદ્યાર્થીઓ અને માતા-પિતાને યોજનાઓ વિશે સંપૂર્ણ માહિતી નથી તથા ઓનલાઇન પ્રક્રિયામાં મુશ્કેલીઓ ફોર્મ ભરવામાં ભુલો OTP દસ્તાવેજોમાં ભુલ હોય અપલોડ થવામાં ટેકનીકલ સમસ્યાઓ જાતિ પ્રમાણપત્ર આવકનો દાખલો બેંક ખાતા સંબધિત દસ્તાવેજો અધુરા રહે, રેશન કાર્ડમાં નામ દાખલ ન હોવુ વિગેરે પુરતા પ્રમાણમાં આધારો રજુ ન કરેલ હોય ઇન્ટરનેટ સમસ્યા વિગેરે મુશ્કેલીઓ પડતી હોય છે.

બેંકમાં એકાઉન્ટ સાથે માં NPCI મેપીગ કરેલ ન હોય આધારકાર્ડ લીક ન હોય કે રેશન કાર્ડ KYC થયેલ ન હોય OTP જનરેટ થયેલ ન હોય વગેરે મુશ્કેલીઓ પડતી હોય છે.

---



## વિષય : શાળામાં હિસાબો ઓડિટ અને બજેટ કેવી રીતે અપગ્રેડ રાખવા તેનો અભ્યાસ

**ભોપીનભાઇ વસાવા**
(જુનિયર કલાર્ક)

શાળામાં હિસાબો એટલે શાળામાં આવક અને ખર્ચનું યોગ્ય રીતે લેખાંકન કરવુંજેથી શાળાના તમામ પ્રકારના નાણાકીય હિસાબોનો પારદર્શક વહીવટ થાય

**<u>હિસાબો</u> :** શાળાની ફી સરકાર કે ગ્રાન્ટથી મળેલ રકમ, શાળામાં આવક અને ખર્ચનું યોગ્ય રીતે લેખાંકન કરવું